**કપાસના ભેજના પ્રમાણમાં છૂટછાટ આપવા વાલિયા APMCની માંગ, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને પત્ર લખ્યો**




# કપાસમાં ભેજ, ભાવમાં ભેદ!

### સવારે ઝાકળ ભળતા CCI સેન્ટર સુધી જતાં કપાસમાં ભેજનું પ્રમાણ વધી જતું હોવાનો બચાવ, નાના સીમાંત ખેડૂતોને રાહત આપવા રજૂઆત

ભરૂચઃ ભરૂચ જિલ્લાના વાલિયા સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI)ના ઉપમહાપ્રબંધક, અમદાવાદને એક તાકીદની રજૂઆત કરી છે, જેમાં ચાલુ ખરીફ સિઝન 2025-2026 દરમિયાન કપાસની ટેકાના ભાવે ખરીદીમાં ભેજના પ્રમાણમાં રાહત આપવા વિનંતી કરવામાં આવી છે. પ્રભાત સહકારી જીન ખાતે CCI દ્વારા કપાસની ખરીદી શરૂ કરવામાં આવી છે, જે બદલ સ્થાનિક ખેડૂત મિત્રો વતી વાલિયા APMCએ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

વાલીયાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ અરજીમાં વિગતે જણાવ્યું છે કે, CCIના ગુણવત્તાનાં ધારાધોરણો મુજબ કપાસમાં ભેજનું પ્રમાણ ભારત સરકાર દ્વારા નિયત કરાયેલા 8%થી 12%ની વચ્ચે હોવું જરૂરી છે. જો કે, વાલિયા આદિજાતિ વિસ્તારમાં આવેલું હોવાથી અહીંના લગભગ 85% કપાસ પકવતા ખેડૂતો નાના અને સીમાંત વર્ગના છે, જેમની આવક મુખ્યત્વે કપાસની ખેતી પર નિર્ભર છે.

હાલમાં શિયાળાની ઋતુ ચાલુ હોવાથી સવારના સમયે પડતી ઝાકળને કારણે ખેડૂતો ઘરે સૂકવેલો કપાસ વેચાણ માટે CCI સેન્ટર પર લાવે ત્યારે ભેજ માપવામાં આવે તો તે 12%ની નિર્ધારિત મર્યાદાથી વધીને 15%થી 18% સુધી આવે છે. ભેજનું ઊંચું પ્રમાણ આવતાં CCIના અધિકારીઓ દ્વારા ખેડૂતોનો કપાસ રીજેક્ટ કરવામાં આવે છે. આના પરિણામે ખેડૂત મિત્રોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે અને તેમને પોતાનો કપાસ બજારમાં ખાનગી વેપારીઓને પ્રતિ ક્વિન્ટલ રૂ.6,500થી રૂ.6,700ના નીચા ભાવે વેચવાની ફરજ પડે છે.



**ભેજમાં રાહત થાય તો ખેડૂતોને પણ ફાયદો થશે: યોગેન્દ્રસિંહ મહિડા**

વાલિયા APMCના ચેરમેન યોગેન્દ્રસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, વાલિયા CCI સેન્ટર શરૂ થતાં કપાસ ખેડૂતોને આર્થિક ફાયદો થયો છે. પણ કપાસમાં ભેજમાં રાહત થાય તો ખેડૂતોને પણ ફાયદો થશે. આથી CCIને રજૂઆત કરવામાં આવી છે.

**16 ટકા સુધી ભેજનું પ્રમાણ માન્ય રાખી ભાવ કાપીને ખેડૂતોને ચૂકવો તો પણ રાહત થશે**

APMC વાલિયાએ CCIને વિનંતી કરી છે કે, જેમ હાલ 8%, 9%, 10%, 11% અને 12% ભેજના પ્રમાણ માટે અલગ અલગ ભાવ આપવામાં આવે છે, તે જ રીતે કપાસમાં ભેજનું પ્રમાણ 16% સુધી માન્ય રાખવામાં આવે અને તે મુજબ ભાવ કાપીને ખેડૂતોને ચૂકવવામાં આવે તો પણ તેમને મોટી રાહત મળી શકે છે. બજાર સમિતિએ ખેડૂત હિતમાં આ વિનંતી પર સત્વરે આગળની કાર્યવાહી કરવા માટે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ઉપમહાપ્રબંધકને નમ્ર અરજ કરી છે.

# બારડોલી શાક માર્કેટમાં ૫૮૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

**બારડોલી** નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રૂ.૧૧,૦૦૦નો દંડ વસૂલાયો



બારડોલીઃ સરકારે જાહેર કરેલા સિંગલ-યૂઝ પ્લાસ્ટિક પરના પ્રતિબંધના કડક અમલ માટે બારડોલી નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શુક્રવારે શહેરના મુખ્ય શાકમાર્કેટ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં પ્લાસ્ટિકનો વેપાર કરતા વેપારીઓ અને દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. જ્યાંથી મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

નગરપાલિકાના આરોગ્ય કર્મચારીઓની ટીમે અચાનક શાકમાર્કેટ વિસ્તારમાં દરોડા પાડી પ્લાસ્ટિકના વેચાણ અંગે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અનેક દુકાનદારો પાસેથી પ્રતિબંધિત ૫૮૯ કિલોગ્રામ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો.

નગરપાલિકા દ્વારા આ પ્રતિબંધિત માલનો વેપાર કરતા વેપારીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી અને સ્થળ પર જ તેમને રૂ.૧૧,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

નગરપાલિકાનાં સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારના આદેશ મુજબ પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ નિયમોનો ભંગ કરનાર વેપારીઓ સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે. શહેરીજનો અને વેપારીઓને અપીલ છે કે તેઓ પ્લાસ્ટિકના બદલે કાપડની થેલીઓ અથવા અન્ય પર્યાવરણ-સહાયક વિકલ્પોનો ઉપયોગ કરીને આ ઝુંબેશમાં સહકાર આપે. આ દંડનીય કાર્યવાહીથી શાકમાર્કેટના અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કુંવારદાની 18 વર્ષની યુવતી ઘર છોડી જતી રહી



હથોડાઃ કુંવારદા ગામે 18 વર્ષની યુવતી ગુમ થઈ જતાં પરિવારે પોલીસ મથકમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. કુંવારદા ગામે કબીર વન ખાતે બ્રહ્મધામ સોસાયટીમાં રહેતી 18 વર્ષની યુવતી દિવ્યાબેન ભીખનભાઈ સાહેબરાવ ઘરેથી કોઈને પણ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ છે. પરિવારે શોધખોળ કર્યા બાદ પણ તેની ભાળ નહીં મળતાં આખરે ગુમ થયેલી પુત્રીને શોધવા કોસંબા પોલીસની મદદ માંગી છે. પોલીસે જાણવા જોગ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વરેલી ગામની ૨૦ વર્ષીય યુવતી ગુમ

પલસાણાઃ પલસાણાના વરેલી ગામમાંથી ૨૦ વર્ષીય એક યુવતીના ગુમ થવાને લઈને તેના પરિવારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં જાણ જોગ ફરિયાદ નોંધાવી છે. ગુમ થનાર યુવતીનું નામ તારાબેન ચમનલાલ વર્દીલાલ પ્રજાપત છે, જે વરેલી ગામની સાંઈધામ સોસાયટીમાં રહે છે અને મૂળ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાની વતની છે. યુવતીની માતા, મંજુબેનના જણાવ્યા મુજબ તારાબેન ગત તા.૧/૧૨/૨૦૨૫ના રોજ બપોરે આશરે ૧:૪૦ વાગ્યાના અરસાથી કોઈને પણ જાણ કર્યા વગર ઘર છોડીને ક્યાંક જતી રહી છે. પરિવારે તમામ સંભવિત જગ્યાઓએ શોધખોળ કરવા છતાં તેનો પત્તો નહીં લાગતા આખરે પોલીસને જાણ કરી છે. આ મામલે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

### બરડીમાં પતિએ ઠપકો આપતાં મહિલાનો આપઘાત

વાંકલઃ ઉમરપાડાના બરડી ગામે નિશાળ ફળિયામાં રહેતાં દિનાબેન વસાવા (ઉ.વ.37)ના પતિને ટાવલ ગામે રહેતી મહિલા જોડે પ્રેમસંબંધ હતો. આ અંગે કમળાબેન સાથે મોગરાબેનનાં માતાપિતાને તેમની દીકરી સમજાવવાનું કહેવા માટે ગયાં હતાં. આ બાબતે તેમના પતિએ કમળાબેન અને દિનાબેનને ઠપકો આપ્યો હતો. આથી દિનાબેનને ખોટું લાગી આવતાં ઘરમાં દરવાજો બંધ કરી હાથમાં કટ મારી ટેબ્લેટ તથા ઘરમાં મૂકેલ એસિડની બોટલમાંથી બે ઘૂંટ એસિડ પી લીધો હતો. આથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે ઉમરપાડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કડોદરામાં અજાણ્યા વ્યક્તિનું બીમાર હાલતમાં મોત

પલસાણાઃ કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અજાણ્યા વ્યક્તિનું બીમાર હાલતમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. બંટી તુકારામ પાંડેનું સરનામું જાણી શકાયું નથી, તે તા.૨/૧૨/૨૦૨૫ના રોજ રાત્રે ૨:૨૭ વાગ્યા પહેલાં કોઈક સમયે કડોદરાના દુર્ગાનગર વિસ્તારમાં પારસ મેડિકલની બાજુમાં બીમાર હાલતમાં મળી આવ્યો હતો. અજાણ્યાને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, તેના કોઈ સગા-સંબંધી હોસ્પિટલ ખાતે હાજર નહોતા. હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી તે દરમિયાન ગત તા.૩/૧૨/૨૦૨૫ના રોજ રાત્રે ફરજ પરના ડોક્ટરે પેશન્ટ બંટી તુકારામ પાંડેને ચાલુ સારવાર દરમિયાન જ મૃત જાહેર કર્યો હતો.

### કારેલીના 42 વર્ષીય યુવકનું શ્વાસની તકલીફ બાદ મોત

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કારેલી ગામની રાહી ટાઉનશીપ ખાતે રહેતા એક ૪૨ વર્ષીય યુવકનું શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે મોત નીપજ્યું છે. રાહી ટાઉનશીપમાં ઘર નં-૪ ખાતે રહેતા દીપકભાઇ બાબુરાવ પાટીલ (ઉંમર ૪૨ વર્ષ)ને ગત ૦૩/૧૨/૨૦૨૫ની સાંજે અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. તકલીફ વધતા તેમને પ્રાથમિક સારવાર માટે બારડોલી લઈ જવામાં આવ્યા હતા. વધુ સારવારની જરૂર જણાતા તેમને એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે દીપકભાઇને મૃત જાહેર કર્યા હતા.

### માંકણામાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈ લીધો

કામરેજઃ માંકણા શુભમ ઈન્ડસ્ટ્રીમાં યુવાને ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. કામરેજ તાલુકાના માંકણા ગામે શુભમ ઈન્ડસ્ટ્રીઝમાં પ્લોટ નંબર 286માં શ્રી હરી ક્રિએશનમાં મજુરીકામ કરતાં અને ત્યાં જ રૂમમાં રહેતા આશિષ રામપાલ કોરી (ઉ.વ.25,મુળ રહે.ચકવાખેડા,જિ. ઉનાઉ,ઉત્તરપ્રદેશ) ગુરુવારે સાથે કામ કરતાં બનેવી સાથે સવારે 9.00 કલાકે રાબેતા મુજબ કામ પર ગયો હતો. બપોરે 12.00 કલાકે બનેવીને જમવા જાઉં છું કહીને ગયા બાદ 1.30 કલાક પરત કામ પર નહીં આવતા બનેવીએ ફોન કરતાં, કોલ રીસીવ નહીં કરતાં બનેવી રૂમ પર ગયા હતા. રૂમની બારીમાંથી જોતા આશિષે ફાંસો ખાધો હોવાનું જોતા તુરંત કારખાના માલિક અને કામરેજ પોલીસને જાણ કરી હતી. કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદવહન યોજનાની ભૌતિક કામગીરી પૂર્ણતાને આરે

વ્યારાઃ તાપી જિલ્લાના છેવાડાના તાલુકાઓમાં પાણીની અછત દૂર કરવા માટે રૂ.૯૬૨ કરોડના ખર્ચે ઉદવહન યોજના શરૂ કરાઈ છે. ત્યારે આદિજાતિ વિસ્તાર માટે મહત્ત્વાકાંક્ષી સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદવહન સિંચાઇ યોજનાનું કાર્ય અંતિમ તબક્કામાં છે. જેની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વર પટેલે તાજેતરમાં સ્થળ મુલાકાત લઈ અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યાં હતાં.

### વરેલીમાં રસ્તો ક્રોસ કરી રહેલા યુવકનું વાહન અડફેટે મોત

પલસાણાઃ મૂળ બિહારના ગયાના જયપુર ગામનો રહેવાસી લલ્લુકુમાર ગુડ્ડુ રાજવંશી (ઉ.વ.18) તેર દિવસ પહેલા જ વતનથી મજૂરીકામ માટે પલસાણાના વરેલી ગામે આવ્યો હતો અને તે તેના વતનના અન્ય મિત્રો સાથે રહીને ઐશ્વર્યા મિલમાં કલર વિભાગમાં કામ કરતો હતો. દરમિયાન ગત તા.28મી નવેમ્બરના રોજ બપોરના એકાદ વાગ્યાની આસપાસ લલ્લુકિમર વરેલી ગામમાં જવાના ગેટઇ સામે હાઈવે પર આવેલ રેલિંગ ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે એક અજાણ્યા વાહને તેને ટક્કર મારી દેતાં તેને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં લલ્લુકુમારને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ગુરુવારના રોજ તેનું મોત નીપજ્યું હતું. પોલીસે મૃતકના ભાઈ સુધીરકુમારની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 'હળપતિ ખેતમજૂરો વ્યસન છોડે, પોતાના હક માટે લડે'

**રાણત** ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે હળપતિ ખેતમજૂરોનું સંમેલન યોજાયું

બારડોલીઃ ગ્રામ મજૂર સંઘ દક્ષિણ ગુજરાતનું એક જંગી સંમેલન રાણત ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે રૂરલ લેબર એસોસિએશનના પ્રમુખ એડ્વોકેટ વિરેન્દ્રભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. હળપતિ આદિવાસી ખેતમજૂરોના રોજગારી, શિક્ષણ, આરોગ્ય, નશાબંધી અને સામાજિક જાગૃતિ માટે ચર્ચા કરવામાં આવી હતી

આ સંમેલનમાં વિરેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, ગ્રામ મજૂર સંગઠન દક્ષિણ ગુજરાતના ખેતમજૂર, કારીગરો અને સ્વરોજગારી ક્ષેત્ર કામ કરતાં શ્રમિકોના રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને સામાજિક જાગૃતિ માટે ગાંધી વિચારધારાને કેન્દ્રમાં રાખી રચનાત્મક પ્રવૃત્તિ કરે છે. તેના ભાગરૂપે આ સંમેલન કરવામાં આવી રહ્યાં છે. તેમણે ખેતમજૂરોમાં શિક્ષણનો વ્યાપ વધારી સંગઠિત થઈ ખેતમજૂરોને પોતાના હક્કો માટે લડત ચલાવવા અનુરોધ કર્યો હતો. આદિવાસી સંસ્કાર મંડળ ગણદેવીના પ્રમુખ ભગુભાઈ દરજીએ શિક્ષણ દ્વારા જ સામાજિક ક્રાંતિ શક્ય હોવાનું જણાવ્યું હતું. ગુજરાત ખેતમજૂર પરિષદના પ્રમુખ અને હળપતિ સેવા સંઘના ઉપપ્રમુખ અમરસિંહભાઈ ચૌધરીએ પણ જળ, જંગલ, જમીનના મુદ્દે લોકોને જાગૃત થવા અને સંસ્કૃતિ સાચવવા તેમજ સંવર્ધન કરવા માટે જરૂર પડે તો આંદોલન કરવાનું પણ આહવાન કર્યું હતું. મહુવા તાલુકા હળપતિ સમાજના અગ્રણી મગનભાઈ રાઠોડની આગેવાનીમાં મહુવા તાલુકા સમિતિની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ સભામાં હળપતિ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવો, વ્યસનમુક્તિ અને નશાબંધીના કાર્યક્રમો કરવા, હળપતિ સમાજના સમૂહલગ્નના કાર્યક્રમો કરવા, નિરાધાર અને વિધવા બહેનોના પેન્શનમાં વધારો કરી 5 હજાર કરવાનો તથા વૃદ્ધ પેન્શન વધારવા, ઘરથાળની જમીન નામે કરવા, હળપતિ સમાજના લોકોને જાતિના દાખલા મેળવવામાં પડતી મુશ્કેલી દૂર કરવા સહિતના ઠરાવો કરવામાં આવ્યા હતા. અંતે હળપતિ સેવા સંઘના મંત્રી મનોજભાઈ દેસાઈએ સભાને સંબોધી આભાર વિધિ કરી હતી.

# મોબાઈલથી ફોટો પાડતો હોવાની શંકામાં પિતા-પુત્રનો પરિવાર પર હુમલો

**ભરૂચના** ઝનોર ગામે નજીવી બાબતે માથાકૂટ

ભરૂચઃ ભરૂચના ઝનોર ગામના હનુમાન ફળિયામાં રહેતા કાશીબેન માછી સવારે 7 વાગ્યાની આસપાસ પોતાના ઘરની બહાર બેસીને તુવેર ફોલતા હતા. એ સમયે તેમના ફળિયામાં રહેતો કૌટુંબિક યુવક નકુલ કંચન માછી પોતાનો મોબાઈલ ફોન કાશીબેન તરફ રાખીને જોઈ રહ્યો હતો. કાશીબેનને શંકા ગઈ કે નકુલ કદાચ તેમનો ફોટો કે વિડીયો ઉતારી રહ્યો છે.

આ શંકાના આધારે કાશીબેને આ વાતની જાણ તેમના પુત્ર સંતોષ અને પુત્રી કરીશ્માને કરી હતી. જે બાદ કરીશ્મા અને તેમના પિતા સોમા માછી નકુલને આ બાબતે પૂછવા ગયા હતા. પૂછપરછ દરમિયાન નકુલ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે તેમને અપશબ્દો ઉચ્ચારવા લાગ્યો હતો. બાદ નકુલ ઘરમાંથી લોખંડની કુહાડી લઈ આવ્યો હતો અને કરીશ્મા તેમજ તેના પિતા સોમા માછી પર હુમલો કર્યો હતો, જેનાથી બંનેને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ અરસામાં નકુલનું ઉપરાણું લઈ તેના પિતા કંચન માછી પણ લોખંડની પાઈપ સાથે ત્યાં દોડી આવ્યા હતા અને તેમણે પણ ઈજાગ્રસ્તોને માર માર્યો હતો. ઝઘડો-મારામારી બાદ ઈજાગ્રસ્ત પિતા-પુત્રીને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે કરીશ્મા સોમા માછીએ નબીપુર પોલીસ મથકે નકુલ કંચન માછી અને કંચન માછી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# એનામાં દીપડાનું બચ્ચું પાંજરે પુરાયું

**છેલ્લા** કેટલાક સમયથી દીપડાના આંટાફેરાથી પાંજરું ગોઠવાયું હતું

પલસાણાઃ પલસાણાના એના ગામમાં ગોટિયા ફળિયામાં રહેતા ખેડૂત અને મરઘાંપાલક વિજયભાઈ ભીખુભાઈ હળપતિની સતર્કતાથી એક દીપડાના બચ્ચાને પાંજરે પૂરવામાં સફળતા મળી છે. વિજયભાઈના મરઘાનો શિકાર કરવા માટે છેલ્લા કેટલાક સમયથી નવ મહિનાના ત્રણ દીપડાનાં બચ્ચાં આવી રહ્યાં હતાં.

વિજયભાઈએ આ અંગે ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટના સભ્ય પીયૂષભાઈ હળપતિને જાણ કરી હતી. પીયૂષભાઈએ તુરંત ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડનો સંપર્ક કર્યો અને જતીન રાઠોડે સામાજિક વનીકરણ રેંજના R.F.O. સુધાબેન ચૌધરીને જાણ કરી હતી. વન વિભાગ અને ટ્રસ્ટની ટીમે ગોટિયા ફળિયામાં મારણ સાથેનું પાંજરું મૂક્યું હતું. બે દિવસથી દીપડા રાત્રે 8 વાગ્યાની આસપાસ પાંજરાં પાસે આવતાં હતાં, જેના વિડીયો પણ વિજયભાઈએ ઉતાર્યા હતા. ગુરુવારે બપોરે મારણ સાથે પાંજરું મૂક્યું હતું. ગુરુવારે રાત્રે 8:30 વાગ્યાની આસપાસ નવ મહિનાનું એક દીપડાનું બચ્ચું મરઘાં ખાવાની લાલચે પાંજરે પુરાયું હતું.

દીપડો પકડાયાના સમાચાર મળતાં જ આજુબાજુનાં ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો તેને જોવા ઊમટી પડ્યા હતા.

### પત્ની સાથે ઝઘડા બાદ એસિડ પીનારા સાયણના શ્રમિકનું મોત

સાયણઃ સાયણ ટાઉનમાં રહેતા ઓરીસ્સાવાસી શ્રમિકે પત્ની સાથે ઝઘડો થયા બાદ એસિડ પી લીધું હતું, જેનું નવ દિવસની સારવાર બાદ મોત નીપજ્યું હતું.

ઓરીસ્સાના ગંજામ જિલ્લાનો સંતોષ કોરા બાડત્યા (ઉ.વ.૩૫) હાલમાં સાયણ ટાઉનના ચંદ્રશેખર નગરના ઘર નં.૪૦૫માં રહેતો હતો. સંતોષને ગત ૨૭/૧૧/૨૦૨૫ના રોજ પત્ની સાથે ઝઘડો થયો હતો. જેનું માઠું લાગી આવતાં તેણે એસિડ ગટગટાવી લીધું હતું. સાયણ પી.એચ. સી.માં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલનાં ઈમરજન્સી વોર્ડમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. મૃતકના નાનાભાઈ સુશાંત બાડત્યાએ ઓલપાડ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.** IDFC FIRST Bank
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ91-44-4564 4000| ફેક્સઃ91-44-4564 4022

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે. તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ | કલમ 13 (2) હેઠળની નોટિસની તારીખ | કલમ 13 (2) હેઠળ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 45364160 | હોમ લોન | 1. શેખર ગુરુદયાલ પર્ચા 2. સુનિતા શેખર પર્ચા | 29.11.2025 | Rs. 26,28,577.77/- |

મિલ્કતનું સરનામુંઃ સ્થાવર મિલકતના તમામ ભાગ, એ ટાઈપ, પ્લોટ નં. 145 (7/12 અનુસાર પ્લોટ નં. 115/145), ક્ષેત્રફળ 66.92 ચોરસ મીટર, બાંધકામ સાથેનું ક્ષેત્રફળ 108.14 ચોરસ મીટર (બિલ્ટઅપ), સાઇ યુનિટી રો હાઉસ, જે સ્થિત છે જૂના સરવે નં. 154, નવા સરવે નં. 115, ટી.પી. સ્કીમ નં. 48 (ભેસ્તાન), ફાઈનલ પ્લોટ નં. 17, મોજે ગામઃ ભેસ્તાન, પેટા જિલ્લોઃ સુરત શહેર (મજૂરા), જિલ્લો : સુરત, ગુજરાત-395023, અને સીમાઓઃ પૂર્વઃ પ્લોટ નં. એ/110, પશ્ચિમઃ 7.50 મીટર રસ્તો, ઉત્તરઃ પ્લોટ નં. એ/146, દક્ષિણઃ પ્લોટ નં. એ/144

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
તારીખઃ 06-12-2025
સ્થળઃ સુરત, ગુજરાત
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર-૨, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

**વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ**

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો "જ્યાં છે ત્યાં છે" અને "જેમ છે તે પ્રમાણે છે" પર બેંકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જયારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

**હરાજીની તા.૨૪/૧૨/૨૦૨૫, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,**
**નિરિક્ષણ તારીખ અને સમય : ૧૫/૧૨/૨૦૨૫, ૫ મીનીટ ના વધારા સાથે**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશભાઈ સનમુખભાઈ મૈસુરીયા પટેલ ફળીયુ મુ. પોસ્ટ. હરીપુરા તા. પલસાણા, પીનકોડ :૩૯૪૩૨૫ સુરત. | 1.Regd. No:- GJ19AM8072 2.Date of Reg.:- 07-01-2019 3.Make:-TATA Motors LTD 4.Model:- TATA HEXA XT4X2 VARICOR BSIV 5.Color:- Pearl White 6.Km Reading:- 85827 KM 7.Fuel Used:- Diesel | રૂા.૧૮.૫૪ (લાખમાં) + અન્ય ચાર્જીસ | ૧) રૂા. ૫,૭૨,૦૦૦.૦૦ ૨) રૂા. ૫૭,૨૦૦.૦૦ ૩) રૂા. ૧૦,૦૦૦.૦૦ | ૧. ખાતા નં. ૦૭૩૦૦૦૧૫૧૮૧૮૬૯ ૨. BARB0UMBHEL ૩. બેંક ઓફ બરોડા ઉભેળ શાખા ૪. ટીલારા વિપુલ કિરીટભાઈ મો : ૯૯૨૫૪૨૯૯૯૪ |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો આપવામાં આવેલ છે.

| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB17924713 | હરાજી આઈડી -૨૧૫૦૦૪ |
|---|---|---|

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : + ૮૮૮૮૫૫૬૧૭, + ૯૯૨૨૩૪૪૬૩૪
તારીખ : ૦૬.૧૨.૨૦૨૫, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !
બીઓ : ટ્રેડ હાઉસ, સુરત- ૩૯૫૦૦૨, ફોનં. નં. ૦૮૩૬- ૨૪૪૭૮૦૦/૭૨૫૯૦૦૯૩૭૫ email: bo052120@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી રાજેશ કુમાર સીંગ (દેવાદાર)** અને **શ્રીમતી ઈન્દુકુમારી રાજેશકુમાર સીંગ (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન-પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી વિષ્ણુદેવકુમાર શીઓજી સીંગ (જામીનદાર)** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશ કુમાર સીંગ (દેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ધીરજ નગર-૨ નો પ્લોટ નં. એચ/૩૩, માપ ૩૮.૯૧ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૭૭/૧, ૭૭/૨, ૭૮/૨, ૭૯, ૮૦, પૈકી બ્લોક નં. ૮૪, ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા- ડિંડોલી) ફાઈનલ પ્લોટ નં. ૧૭/એ પૈકી સબ પ્લોટ નં.એ, મોજે ગોડાદરા, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશાઃ **ઉત્તર તરફ:** જોડેનો પ્લોટ નં. એચ/૩૪, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. એચ/૩૨, **પૂર્વ તરફ** : જોડેનો ૫ મીટર રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. એચ/૪૨ મોર્ગેજ ટાઈટલ ડિડ નોંધાયેલ નવાગામ એસઆરઓ ખાતે નં. ૧૦૨૭૯/૨૦૧૪ થયેલ છે. | ૦૫.૧૧.૨૦૨૫ | ૨૯.૧૦.૨૦૨૫ | રૂા. ૧૧,૫૨,૭૫૫.૫૦ + ૩૬,૭૬૧.૪૦ + ૧૧૪૫.૦૦ = રૂા. ૧૧,૯૦,૬૬૧.૯૦/- |
| ૨ | શ્રીમતી ઈન્દુકુમારી રાજેશકુમાર સીંગ (સહ દેવાદાર) | | | | |
| ૩ | શ્રી વિષ્ણુદેવકુમાર શીઓજી સીંગ(જામીનદાર) | | | | |

ઉપરોકત દેવાદાર(રો), જામીનદારો જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.
તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.
દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
તારીખ : ૦૬.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક